ચરણ-પદ્મે મમ ચિત નિષ્પંદિત કરો હે, નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૮ | ૧૮ એપ્રિલ, ૨૦૨૦, શનિવાર; ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# આરબીઆઈનું ૧ લાખ કરોડનું પેકેજ



**અર્થતંત્રમાં પ્રાણ ફુંકવા શ્રેણીબદ્ધ જાહેરાતો : રિવર્સ રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો : ટાર્ગેટેડ લોન્ગ ટર્મ રેપો ઓપરેશન હેઠળ એમએફઆઈ અને એનબીએફસીને ૫૦ હજાર કરોડની સહાયતાની જાહેરાત : નાબાર્ડને ૨૫ હજાર કરોડ અપાશે : બેંકો ૩૦ સપ્ટે. સુધી ડિવીડન્ડ આપી શકશે નહીં-નિયંત્રણો મૂકાયા, એનપીએ જાહેર કરવાની મુદતમાં વધારો**

નવી દિલ્હી, તા. ૧૭

કોરોના મહામારીના કારણે સર્જાયેલી વિકટ સ્થિતી અને આર્થિક મંદી વચ્ચે આજે ભારતીય રીઝર્વ બેંક દ્વારા અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે શ્રેણીબદ્ધ નવી જાહેરાત કરી હતી. આની સાથે અર્થવ્યવસ્થામાં જોરદાર તેજી આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે આરબીઆઈએ અનેક પગલા જાહેર કર્યા હતા. જેના ભાગરૂપે રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. રેપો રેટને હાલમાં યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યોને પણ મોટી રાહત આપવામાં આવી છે. અગ્રિમની સુવિધાને ૬૦ ટકા સુધી વધારી દેવામાં આવી છે. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે શ્રેણીબદ્ધ જાહેરાતો કરતા કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## આરબીઆઈના વિવિધ પગલા વચ્ચે સેંસેક્સમાં ૯૮૬ પોઈન્ટનો સુધારો

**આકર્ષક પગલાઓના કારણે બેંક- ફાયનાન્સિયલ શેરમાં તેજી**

મુંબઈ, તા. ૧૭

શેરબજારમાં આરબીઆઈના શ્રેણીબદ્ધ પગલાની વચ્ચે આજે જોરદાર સુધારો રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૯૮૬ પોઈન્ટ ઉછળીને ૩૧૫૮૮ની ઉંચી સપાટી પર બંધ રહ્યો હતો. તેમાં ૩.૨૨ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. તેજીના માહોલમાં એક્સીસ બેંકના શેરમાં ૧૩.૫ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. આઈસીઆઈસીઆઈના શેરમાં ૧૦ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં નવ ટકાનો સુધારો રહ્યો હતો. મારૂતિના શેરમાં સાત ટકા સુધીનો સુધારો રહ્યો હતો. એનએસઈમાં નિફ્ટીમાં આજે કારોબારના અંતે ૨૭૪ પોઈન્ટનો સુધારો રહ્યો હતો. જેથી તેની સપાટી ૯૨૬૬ રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી બેંકમાં ૧૩૪૩ પોઈન્ટનો સુધારો રહ્યો હતો. અથવા તો તેમાં સાત ટકાની આસપાસનો સુધારો રહ્યો હતો. જેથી તેની સપાટી ૨૦૭૪૩ રહી હતી. નિફ્ટી ઓટોમાં ૫.૫ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. જેથી તેની સપાટી ૫૬૮૮ રહી હતી. બીજી બાજુ નિફ્ટી એફએમસીજીમાં એક ટકા સુધીનો



ઘટાડો રહ્યો હતો. જેથી તેની સપાટી ૨૯૨૦૧ રહી હતી. નિફ્ટી ફાર્મામાં એક ટકાની આસપાસનો ઘટાડો રહેતા તેની સપાટી ૯૧૫૯ રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપમં બે ટકાનો સુધારો થતા તેની સપાટી ૧૧૮૨૪ રહી હતી.

## ગ્રામીણ અને સહકારી બેંકોને પણ સહાય જાહેર

**નેશનલ હાઉસિંગ બેંકને ૧૦૦૦૦ કરોડ મળશે : ધીરણા અને રિફાયનાન્સ માટે સિડબીને ૧૦૦૦૦ કરોડ**

નવી દિલ્હી, તા. ૧૭

આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે આર્થિક વ્યવસ્થામાં નવા પ્રાંણ ફુંકવા માટે શ્રેણીબદ્ધ જાહેરાત કરી હતી. તેમણે નાબાર્ડ, સિડબી અને નેશનલ હાઉસિંગ બેંક માટે કુલ ૫૦૦૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી. આ સહાયતા રિફાયનાન્સ સુવિધાને વધારી દેવા માટેના ઈરાદા સાથે કરવામાં આવી રહી છે. સેકટરલ ક્રેડિટ જરૂરિયાતોને પહોંચી વળવા માટે આ સહાયતા આપવામાં આવી રહી છે. તેમણે વિગતવાર માહિતી આપતા કહ્યુ હતુ કે ક્ષેત્રીય ગ્રામીણ બેંકો, કોઓપરેટિવ બેંકો અને એમએફાઈને મદદરૂપ થવા માટે નાબાર્ડને ૨૫૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવી રહ્યા છે. આવી જ રીતે ધીરાણ, રિફાયનાન્સ માટે સિડબીને ૧૫૦૦૦ કરોડ આપવામાં આવી રહ્યા છે. હાઉસિંગ ફાયનાન્સ કંપનીઓને ટેકો આપવા માટે નેશનલ હાઉસિંગ બેંકને ૧૦૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવી રહ્યા છે. કોરોનાના કારણે ઉભી થયેલી અભૂતપૂર્વ સ્થિતીનો સામનો કરવા માટે રાજ્યોને મદદરૂપ થવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આરબીઆઈએ એડવાન્સ લિમિટમાં ૩૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે હાલમાં કોરોના વાયરસના કારણે લોકડાઉનની સ્થિતી છે. આના કારણે આર્થિક ગતિવિધીઓ પર માઠી અસર થઈ રહી છે. કોવિડ-૧૯ના કારણે તમામ પ્રવૃતિ ઠપ્પ થયેલી છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૨૧૯૧૬૪ | ૧૪૯૮૮૪ | ૮૯૨૩૧૨ |
| ભારત | ૧૪૧૯૬ | ૪૭૫ | ૧૯૮૬ |
| ગુજરાત | ૧૦૯૯ | ૪૧ | ૮૬ |
| ગાંધીનગર | ૧૭ | ૦૧ | ૦૮ |

## દુનિયામાં કોરોના દોઢ લાખને ભરખી ગયો

**અમેરિકા, સ્પેન, ઇટાલીમાં હાલત ખરાબ : કોરોના વિરુદ્ધ જંગ જીતનારા લોકોની સંખ્યા ૫૫૩૨૨૭**

નવી દિલ્હી,તા. ૧૭

કોરોના વાયરસના કારણે કેસો અને મોતનો આંકડો અવિરતરીતે જારી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ વધુ મોત અને નવા કેસોની સાથે આ વાયરસે તેનો આતંક જારી રાખ્યો છે. વિશ્વના ૨૧૦ દેશોમાં નવા કેસોની સાથે જ કેસોની સંખ્યા વધીને ૨૧૮૪૬૮૧ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧૪૬૮૯૮ સુધી પહોંચી ગઈ છે. અમેરિકા, સ્પેન અને ઈટાલી દુનિયામાં કોરોનાના કારણે પ્રભાવિત થયેલા દેશોની યાદીમાં ટોપ પર છે. અમેરિકામાં ૩૪ હજારથી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. સ્પેનમાં ૧૯ હજારથી વધારેના મોત થયા છે. ઈટાલીમાં ૨૨ હજારથી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. અમેરિકા સ્પેન, જર્મની, ઈટાલીમાં હાલત ખરાબ થયેલી છે. દુનિયાના દેશો તેની સામે લડી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતના આંકડા પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. સ્થિતીને સામાન્ય બનાવી દેવા માટેના પ્રયાસો યુદ્ધના સ્તર પર તમામ દેશો કરી રહ્યા હોવા છતાં સ્થિતી સુધારો થઈ રહ્યો નથી. કોરોનાના કારણે સ્થિતી ક્યારેય સુધરશે તે અંગે હાલમાં વાત કરવી મુશ્કેલ છે. વિશ્વમાં કોરોનાથી સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકા અને સ્પેન બાદ ઈટાલી, ફ્રાંસ, જર્મની, યુકે, ચીન, ઈરાન, તુર્કીનો સમાવેશ થાય છે. આ તમામ દેશોમાં લાખો કેસો છે. લાખો કેસો હજુ પણ એક્ટિવ કેસોમાં રહેલા છે. સ્પેન અને ફ્રાન્સ પણ તમામ પ્રયાસો કરી રહ્યા છે. જો કે સફળતા મળી રહી



નથી. સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિકવરીમાં સમય લાગી શકે છે. કોરોના કહેર ક્યારે રોકાશે તે અંગે હાલમાં વાત કરવી ખુબ મુશ્કેલ છે. કારણ કે હાલમાં તો કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. નવા નવા કેસો ખુલી રહ્યા છે. નવા વિસ્તારો પણ સકંજામાં આવી રહ્યા છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે.

## છેલ્લે... છેલ્લે...

- રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં કોરોના સંક્રમણને નાથવા આજે મધરાતથી કરફ્યુ લાગું કરવામાં આવ્યો છે.
- કેન્દ્ર દ્વારા મોકલાવાયેલ ૨૪ હજાર રેપીડ ટેસ્ટીંગ કિટ્સ ગુજરાતને પહોંચી છે. વધુ કિટ્સ આગામી બે - ત્રણ દિવસમાં પહોંચશે.
- ક્રિકેટ ક્લબ ઑફ ઈન્ડિયા દ્વારા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રાહત ભંડોળમાં ૫૧ લાખનું દાન અપાયું.
- કેરળમાં આજે માત્ર એક જ કેસ આવતા રાહતની લાગણી અનુભવાઈ છે. જ્યારે રિકવર દર્દીઓનો રેશિયો પણ ૩૫ ટકાથી વધુ છે.
- ગુજરાતમાં વેન્ટિલેટર પરના દર્દીઓને પ્લાઝમા આપવાનો પ્રયોગ આજથી શરૂ કરાયો.
- દેશના સૌથી વધુ કેસ ધરાવતા પાંચ રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૩૨૦૨ |
| દિલ્લી | ૧૬૪૦ |
| તામિલનાડુ | ૧૩૨૩ |
| રાજસ્થાન | ૧૧૯૩ |
| મધ્યપ્રદેશ | ૧૩૧૦ |
| ગુજરાત | ૧૦૯૯ |
| ઉત્તરપ્રદેશ | ૮૪૯ |
| તેલંગણા | ૭૬૬ |

## અમેરિકામાં મોતનું તાંડવ : ૨૪ કલાકમાં વધુ ૪,૪૯૧ના મોત

**કેસો વધીને ૬.૬૦ લાખથી વધુ, ૩૪૦૦૦ લોકોના મોત**



વોશિંગ્ટન,તા.૧૭

કોરોના વાયરસથી સમગ્ર દુનિયા ત્રાહિમામ પોકારી રહી છે. આ વાયરસથી જો કોઈ સૌથી વધારે પ્રભાવિત વિસ્તાર હોય તો, તે છે વિશ્વની મહાસત્તા અમેરિકા. કોરોનાએ અમેરિકામાં હાહાકાર મચાવી દીધો છે. કોરોનાને કારણે અમેરિકામાં ગુરુવારે મૃત્યુ પામનાર લોકોન સંખ્યા ૩૪,૦૦૦ પર પહોંચી ગઈ છે. જોહન્સ હોપકિન્સ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણના કારણે ૪,૪૯૧ લોકો મૃત્યુ પામ્યા છે. જે વૈશ્વિક રોગચાળાને કારણે એક દિવસમાં સૌથી વધારે મૃત્યુઆંક છે. મૃત્યુના આ આંકડાઓમાં તે મામલાઓ સામેલ છે, જેમાં કોવિડ-૧૯ હોવાની શંકા છે. આ મામલાઓ અગાઉના આંકડાઓમાં સામેલ કરવામાં આવ્યા ન હતા. આ અઠવાડિયે ન્યુ યોર્ક સિટીએ જાહેરાત કરી હતી કે, મૃત્યુઆંકમાં ૩૭૭૮ લોકોની મોતના એવા મામલાઓને સામેલ કરવામાં આવ્યા છે, જેમાં વ્યક્તિની મોતનુ સંભવિત કારણ આ વૈશ્વિક મહામારી છે. કોવિડ-૧૯ ના કારણે દુનિયામાં સૌથી વધારે લોકોના મોત અમેરિકામાં થયા છે. અમેરિકામાં સંક્રમણના કારણે ૬,૬૭,૮૦૦ થી વધુ કેસ સામે આવ્યા હતા. દુનિયામાં અમેરિકા હવે કોરોનાનુ એપી સેન્ટર બન્યુ છે. કોરોના કારણે અહી ૩૪ હજારથી વધુ લોકોના મોત થયા છે. જ્યારે કે ૬.૭૭ લાખ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો છે. કોરોનાના વધતા કે, બાદ ટ્રમ્પની સરકાર અમેરિકામાં વિરોધીઓના નિશાને આવી છે. દુનિયામાં સૌથી વધારે કોરોનાથી પ્રભાવિત દેશ હવે અમેરિકા છે.

## ભારતમાં કોરોના પ્રસરવાની ગતિ ધીમી પડી પણ અટકી નથી

**કેસોની સંખ્યા ૧૪ હજારની નજીક પહોંચી : ૧૯ રાજ્યોમાં ડબલિંગ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછો : લોકડાઉન પૂર્વે પોઝિટીવ મામલાના બે ગણા થવા માટે દર ત્રણ દિવસ રહ્યો હતો જે હવે એક સપ્તાહના ગાળામાં ૬.૨ દિવસ થયો હોવાનો કરાયેલો આરોગ્ય મંત્રાલયનો દાવો**

નવી દિલ્હી, તા.૧૭

દેશભરમાં કોરોના વાયરસની સામે કેન્દ્ર અને રાજ્યોની રણનિતી હવે રંગ લાવી રહી છે. આરોગ્ય મંત્રાલય દ્વારા આજે કહેવામાં આવ્યુ હતુ કે હવે કોરોના પોઝિટીવ કેસો બે ગણા થવાની ગતિ પર બ્રેક આવી રહી છે. આરોગ્ય મંત્રાલય દ્વારા આજે આંકડાની માહિતી રજૂ કરતા કહેવામાં આવ્યુ હતુ કે લોકડાઉન પહેલા પોઝિટીવ મામલાના બે ગણા થવાનો દર ત્રણ દિવસ હતો. જે ગયા સપ્તાહમાં જ હવે તે ૬.૨ દિવસ રહ્યો છે. ખાસ કરીને ૧૯ રાજ્યોમાં તો તે રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછો દર રહ્યો છે. આ વિષય પર રોજ આપવામાં આવતી



માહિતી આપતા આરોગ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યુ હતુ કે ૧૯ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં ડબલિંગ રેટ રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછો રહ્યો છે. તેમણે કહ્યુ હતુ કે કેરળ, હરિયાણા, લખાખ, હિમાચલ, ચંગીગઢ, બિહાર, તેલંગાણા, ઓરિસ્સા, તમિળનાડુ, આંધ્રપ્રદેશ, દિલ્હી, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, જમ્મુ કાશ્મીર, પંજાબ, આસામ અને ત્રિપુરામાં ડબલિંગ રેટ દેશના સરેરાશ કરતો ઓછો રહ્યો છે. કેરળમાં ૩૯૬ કેસો થયા છે. ઉત્તરાખંડમાં ૩૭ કેસો રહ્યો છે. આરોગ્ય મંત્રાલય દ્વારા દાવો કરવામાં આવ્યો હોવા છતાં કેટલાક ભાગોમાં કેસોમાં ઝડપી વધારો થઈ રહ્યો છે. આજે નવા કેસોની સાથે જ સંખ્યા વધીને ૧૩૯૦૦ સુધી પહોંચી ગઈ છે. જ્યારે કોરોના સામે જંગ જીત્યા બાદ ડિસ્ચાર્જ કરવામાં આવેલા

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકાની ભારતને ૪૫ કરોડ રૂપિયાની સ્વાસ્થ્ય સહાયતા

ન્યૂયોર્ક/ન્યુ દિલ્હી,તા.૧૭

કોરોના વાયરસ સામે લડાઈમાં અમેરિકા ભારતની મદદ માટે આગળ આવ્યું છે. અમેરિકાએ કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે ભારતને સ્વાસ્થ્ય સહાયતાના રૂપમાં લગભગ ૫.૯ મિલિયન ડોલર પ્રદાન કર્યા છે. આ જાણકારી અમેરિકાના વિદેશ મંત્રાલયે આપી છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે કહ્યું કે, આ રકમનો ઉપયોગ ભારતમાં કોરોના પીડિતોની મદદ, બીમારીથી જોડાયેલા જાગરૂકતા અભિયાન અને તેના નિવારણ માટે શોધમાં કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ રકમનો ઉપયોગ કટોકટીની તૈયારી માટે કરવામાં આવશે. આ અમેરિકા દ્વારા ભારતને પાછલા ૨૦ વર્ષથી આપવામાં આવી રહેલી ૨.૮ બિલિયન ડોલરની સહાયતા રકમનો ભાગ છે